**ફોજદારી કેસ નંબર–૫/૨૦૧૪**

| | |
|---|---|
| GJJM090000522014 | કેસ દાખલ તા.: ૦૧/૦૧/૨૦૧૪<br>કેસ નોંધ્યા તા.: ૦૧/૦૧/૨૦૧૪<br>ઠરાવ જાહેર તા.: ૧૧/૦૫/૨૦૨૬<br>અવધિ: ૧૨ વર્ષ ૪ માસ ૧૦ દીવસ |

**જોડીયાના મહેરબાન જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. જોડીયા**

**આંક–**

**ફરીયાદી......** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી......** લલીતકુમાર ગંગાશંકર આશા
ઉ.વ.–૭૦, ધંધો–નિવૃત
રહે. જામનગર, વુલન મીલ પાછળ, મહાદેવનગર,
તા.જિ.જામનગર

| | |
|---|---|
| **ગુનો:–** | ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧,૧૨૦બી મુજબ |

| | |
|---|---|
| **ફરીયાદપક્ષ તરફે–** | વિ.એ.પી.પી. શ્રી એન.કે.પરમાર |
| **બચાવપક્ષ તરફે–** | વિ. વકિલ શ્રી વી.એસ.માનસાતા |

**<u>–:: ચુકાદો ::–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ ૧૦/૦૯/૨૦૦૭ના કોઇપણ સમય પહેલા ફરીયાદીના પિતા ચુનીલાલ મોરારજીભાઇ રહે.ધ્રોલવાળાની ખેતીની જમીન રેવન્યુ સર્વે નંબર–૧૦૦૯ એ.૨–૧૦ ગુ. ની બાલંભા ગામની રણજીતપર ગામની સીમમાં આવેલ હતી તે જમીન આ કામે મરણજનાર નટવરલાલ ચુનીલાલ રહે. મોરબીવાળાના પિતાનું નામ ચુનીલાલ મોરારજી હોય જેથી ભળતા નામ હોવાનાં કારણે ખોટુ રેકર્ડ ઉભુ કરી ગુનાહિત કાવતરૂ રચી ઉપરોક્ત જમીન પચાવી પાડી ગુનામાં એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ. જે બાબતે નામ. કોર્ટમાં ફરીયાદ આપતા તે ફરીયાદ અનુસંધાને નામ. કોર્ટના હુકમ મુજબ જોડીયા પોલીસ સ્ટેશન દ્વારા એમ કેસ નંબર–૫/૨૦૧૨ થી નોંધી તપાસ કરનાર અમલદારે આ ગુનાની તપાસ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, આરોપીઓ સામે પુરતો પુરાવો જણાઇ આવતા આરોપીઓ વિરૂદ્ધ મથાળે દર્શાવેલ ગુના સબબ અત્રેની અદાલતમાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલુ.

(૨) આ કામે આરોપીને પ્રોસેસની બજવણી થતા, આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ હોય, આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ. આરોપી સામે આંક–૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તેઓની સામે ફરમાવેલ તહોમત અંગે આરોપીની આંક–૪ થી પ્લી નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઇન્કાર કરેલ, જેથી આ કામે ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–

**–: મૌખિક તથા દસ્તાવેજી પુરાવા :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ કરમશીભાઇ જીણાભાઇ પરમારની જુબાની | ૬ |
| ૨ | તકરારી જમીનનું પંચનામું | ૭ |
| ૩ | પંચ સાહેદ પરસોત્તમભાઇ મોહનભાઇ ચોટલીયાની જુબાની | ૯ |
| ૪ | સાહેદ વિનોદભાઇ સવજીભાઇ પરમારની જુબાની | ૨૧ |
| ૫ | સાહેદ કાળુભાઇ રૂડજીભાઇ રાઘવાણીની જુબાની | ૨૨ |
| ૬ | ફરીયાદી પરમાનંદ ચુનીલાલ ગોકળગાંધીની જુબાની | ૮૧ |
| ૭ | વેચાણ દસ્તાવેજની પ્રમાણિત નકલ | ૮૨ |
| ૮ | ૧૩૫(ડી)ની નોટીસની પ્રમાણિત નકલ | ૮૩ |
| ૯ | ગામ નમુના ૭ અને ૧૨ની પ્રમાણિત નકલ | ૮૪,૮૫ |
| ૧૦ | ગામ નમુના ૮– અ ની પ્રમાણિત નકલ | ૮૬ |
| ૧૧ | મરણ પ્રમાણપત્રની નકલ | ૮૭ |
| ૧૨ | પાસપોર્ટની પ્રમાણિત નકલ | ૮૮ |
| ૧૩ | મુંબઇ તથા રાજકોટ મુકામે હોસ્પિટલમાં દાખલ હોય તે બાબતના સારવારના કાગળોની પ્રમાણિત નકલ | ૮૯, ૯૦ |
| ૧૪ | ફરીયાદીના પિતાશ્રીનો ફોટો | ૯૧ |
| ૧૫ | વારસાઇ નોંધ બાબતની અરજી અન્વયે મામલતદાર–જોડીયાનો શ્રી શ્યામ ચુનીલાલને કરેલ પત્ર અસલ | ૯૫ |

| | | |
|---|---|---|
| ૧૬ | પાવર ઓફ એટર્ની અસલ | ૯૬ |
| ૧૭ | વેચાણ દસ્તાવેજ અસલ | ૯૮ |
| ૧૮ | સાહેદ શૈલેષભાઇ કાંતિલાલ ગોકળગાંધીની જુબાની | ૧૦૦ |
| ૧૯ | સાહેદ કાજલબેન મહેન્દ્રભાઇ વોરાની જુબાની | ૧૦૩ |
| ૨૦ | સાહેદ રાધીકાબેન અરવિંદભાઇ રાઠોડની જુબાની | ૧૦૬ |
| ૨૧ | બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ–૧૩૫ડી ની નોટીસની નકલ | ૧૦૭ |
| ૨૨ | ગામ નમુના નંબર–૬ હક્ક પત્રકની નકલ | ૧૦૮ |
| ૨૩ | ૧૩૫ડી હક્ક પત્રકની નોંધ નંબર–૧૩૦૦ની નોટીસ તા.૧૫/૪/૮૩ની નકલ | ૧૦૯ |
| ૨૪ | સાહેદ હિતેન્દ્રભાઇ નટવરલાલ જાનીની જુબાની | ૧૧૨ |
| ૨૫ | અનું. નં.૩૬/૧ તા.૧૪–૪–૮૩ વાળા દસ્તાવેજની ખરી નકલ | ૧૧૩ |
| ૨૬ | સાહેદ જગદિશભાઇ ચુનીલાલ સોનીની જુબાની | ૧૧૬ |
| ૨૭ | સાહેદ અરવિંદભાઇ ઉર્ફે અશ્વિન ચુનીલાલ નાંધાની જુબાની | ૧૧૭ |
| ૨૮ | સાહેદ મનોજભાઇ ચુનીલાલ સોનીની જુબાની | ૧૧૮ |
| ૨૯ | ત.ક.અ. હસમુખભાઇ બાબુભાઇ ગામેતીની જુબાની | ૧૩૨ |
| ૩૦ | ત.ક.અ. લક્ષ્મણભાઇ દેવશીભાઇ ઓડેદરાની જુબાની | ૧૩૩ |
| ૩૧ | અટક પંચનામું અસલ | ૧૩૪ |

આ કામમાં ફરીયાદપક્ષે ઉપરોક્ત પુરાવા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા આંક–૧૩૯ થી પુરાવો પુરો થયાની પુરશીસ આપી પુરાવો પુરો થયો હોવાનુ જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકિકતનો સ્વિકાર કરેલ છે. જ્યારે બાકીના પુછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કાર ભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેઓએ નિર્દોષ હોવાની રજુઆત કરેલ છે.

(૫) ત્યાર બાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૬) ઉપરોક્ત હકિકતો તેમજ રજુ થયેલ પુરાવો તથા કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તારીખ ૧૦/૦૯/૨૦૦૭ના કોઈપણ સમય પહેલા ફરીયાદીના પિતા ચુનીલાલ મોરારજીભાઈ રહે.ધ્રોલ વાળાની ખેતીની જમીન રેવન્યુ સર્વે નંબર–૧૦૦૯ એ.૨–૧૦ ગુ. ની બાલંભા ગામની રણજીતપર ગામની સીમમાં આવેલ હતી તે જમીન આ કામે મરણજનાર નટવરલાલ ચુનીલાલ રહે. મોરબીવાળાના પિતાનું નામ ચુનીલાલ મોરારજી હોય જેથી ભળતા નામ હોવાનાં કારણે ખોટુ રેકર્ડ ઉભુ કરી ગુનાહિત કાવતરૂ રચી ઉપરોક્ત જમીન પચાવી પાડી ગુનામાં એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ? |

| | |
|---|---|
| (૨) | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | નકારમાં. |
| (૨) | આખરી હુકમ મુજબ. |

**–:: કારણો ::–**

**(૮) મુદ્દા નંબર ૧ ::–**

ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા દ્વારા રેકર્ડ પર તે મુજબનો ગુન્હો શંકા રહિત પુરવાર કરવો જોઇએ. બચાવપક્ષે ઉલટતપાસ દ્વારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઇએ અને જો કોઇ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઇએ. જો આવા કોઇ વિશેષ પુરાવામાં બચાવપક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવુ માની શકાય નહી. પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઇએ તેવુ કાયદાનું ધોરણ છે.

(૮.૧) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૬ થી પંચ સાહેદ કરમશીભાઇ જીણાભાઇ પરમારને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, એકાદ વર્ષ અગાઉ તેઓને તથા પરસોત્તમભાઇ મોહનભાઇ ચોટલીયા રહે. રણજીતપર, તા.જોડીયાવાળાનો પોલીસે બોલાવેલા અને તેઓને એક તૈયાર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલ તેમાં શું લખેલ હતુ તે

વંચાવેલ નહી કે વાંચી સંભળાવેલ નથી. પોલીસે તેઓની હાજરીમાં પંચનામું કરેલ હોય તેવુ બનેલ નથી. જે પંચનામું બતાવતા તેઓની સહી છે જે પુરાવા રજુ દાખલ આંક–૭ આપવામાં આવેલ છે. ત્યારબાદ વિ.એપીપીશ્રી દ્વારા સદર સાહેદને હોસ્ટાઇલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછતા ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી. બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૮.૨)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૯ થી પંચ સાહેદ પરસોત્તમભાઇ મોહનભાઇ ચોટલીયાને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓને તારીખ હાલમાં યાદ નથી પરંતુ એકાદ વર્ષ અગાઉ સાંજના સાતેક વાગ્યે તેઓ તથા કરમશીભાઇ જીણાભાઇ પરમાર રહે. રણજીતપર, તા. જોડીયા વાળાને જીવરાજભાઇ વાલજીભાઇ રાધવાણી, રહે. રણજીતપર, તા.જોડીયા વાળાની માલિકીના ખેતરમાં પંચનામુ કરવા પંચ તરીકે બોલાવેલા, અને જીવરાજભાઇએ પોતાનુ ખેતર બતાવતા પોલીસે તેઓના લખાવ્યા મુજબનું ચતુર્દિશા સહીતનું વિગતવારનું પંચનામુ તૈયાર કરી વાંચી સંભળાવી તેઓની સહી લીધેલી. તેઓને આંક–૦૭ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તેમા તેઓની સહી છે. જે ઓળખી બતાવે છે. આ જમીનમાં ગાંડા બાવળ ઉભેલા હતા. આ ખેતરની ઉત્તર બાજુ રૂળજી ભગવાનજીનું ખેતર, દક્ષિણ બાજુ ખરાબો, પુર્વમાં જામસર ગામ, તથા પશ્ચિમમાં રાવજીભાઇ મેપાભાઇ નું ખેતર આવેલ છે. આ રણજીતપર ગામની તતાપર નામની સીમમાં આવેલ છે.

ત્યારબાદ બચાવપક્ષ દ્વારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદે ઉલટતપાસમાં એવી હકિકતો જણાવેલ છે કે, પંચનામું કરવા સાંજના સાતેક વાગ્યે ગયા હતા તેઓ સાંજે સાત વાગ્યે રણજીતપર ગામમાંથી નીકળેલા હતા, ગામથી બનાવવાળા સ્થળે પહોંચતા લગભગ અડધો કલાક સમય થાય, તેઓ બધા કુલ–૩ મો.સા. ઉપર ગયેલા હતા,

તેઓ સાત વ્યક્તિ પંચનામાં માટે ગયેલા હતા, પોલીસના કર્મચારીઓ ત્રણ વ્યક્તિ હતા, આ ત્રણ પોલીસ સિવાય બીજા સાત માણસો હતા, આ જગ્યાએ જવા માટે માત્ર મો.સા. ચાલી શકે તેમ હોય મો.સા. માં જ ગયેલા હતા, તેઓએ સ.નં. વાળી જગ્યા તે જ હોવાની ખાત્રી કરેલ નથી, પંચનામાં વાળા સ્થળે લગભગ અડધો કલાક રોકાયેલા હતા,

વધુમાં સદર સાહેદે ઉલટતપાસમાં એવી હકિકતો સ્વિકારેલ છે કે, તેઓના ગામના મંત્રીને તે સ.નં. વાળી જગ્યા તે જ છે તેની ખબર હોય છે, તે જગ્યાએ કોઇ લાઇટની વ્યવસ્થા નથી, સ્થળ ઉપર માત્ર જોયેલુ અને પંચનામાનું લખાણ ગામમાં આવી પંચાયત ઓફીસમાં આવીને કરેલ, સહી પણ પંચનામામાં પંચાયત ઓફીસે આવીને કરેલી, ગુન્હાની કલમમાં તેઓને કોઇ ખબર પડતી નથી, જે તે વખતે તેઓ સરપંચ હોવાથી પોલીસ ખાતા સાથે સંપર્કમાં હોય. આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

**(૮.૩)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૨૧ થી સાહેદ વિનોદભાઇ સવજીભાઇ પરમારને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓને રણજીતપર ગામની સીમમાં ૧૦ વીઘા જમીન આવેલી છે, તેઓની આજુબાજુમાં જયંતિભાઇ રામજીભાઇ વેગડનું ખેતર આવેલ છે, એક બાજુ નદી આવેલી છે, એક બાજુ રસ્તો આવેલ છે અને રસ્તો મુકીને તેઓનું ખેતર આવેલુ છે તથા બીજી બાજુ પણ જયંતિભાઇની જમીન આવેલ છે. જેનો રે.સ.નં. તેઓને યાદ નથી. તેઓ ફરીયાદી પરમાનંદ ચુનીલાલને ઓળખતા નથી અને આરોપી લલીતકુમાર ગંગાશંકરને ઓળખતા નથી કે તેઓની જમીનની બાજુમાં તેઓ બંન્ને પૈકી કોઇની જમીન આવેલી નથી. પોલીસે તેઓનો જવાબ લીધેલો હોય તેવુ બનેલ નથી. ત્યારબાદ વિ.એપીપીશ્રી દ્વારા સદર સાહેદને હોસ્ટાઇલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછતા ફરીયાદપક્ષને સમર્થનકારી

પુરાવો રજુ કરેલ નથી. બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૮.૪)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૨૨ થી સાહેદ કાળુભાઇ રૂડજીભાઇ રાઘવાણીને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓના બે નામ છે અને તેમાં તેઓ કાળુભાઇ તરીકે તથા પરબતભાઇ તરીકે ઓળખાય છે અને તેનું મુળ નામ પરબતભાઇ છે કાળુભાઇ તરીકે ઓળખાય છે. તેઓને રણજીતપર ગામની સીમમાં સાડા નવ વીઘા જેટલી જમીન આવેલી છે. જેનો સ.નં.૧૫૩ છે અને રણજીતપર ગામની તતાપર સીમમાં તેઓના ભાઇઓની જમીન આવેલી છે, તેઓ કચરાભાઇ વાલાભાઇ રાઘવાણીને ઓળખે છે પરંતુ તેઓએ તેની હૈયાતીમાં મુળ બાલંભાના અને હાલ મોરબી રહેતા ચુનીલાલ મોરારજીભાઇ સોનીને વેચાણથી આપેલ હોય તેની તેઓને ખબર નથી કે તેઓ ચુનીલાલ મોરારજી ભાટીયા રહે.ધ્રોલવાળાને તેઓ ઓળખતા નથી. આ સિવાય તેઓ બીજુ કાંઇ જાણતા નથી. તેઓ પરમાનંદ ચુનીલાલ ઓળખતા નથી તેમજ આરોપીને પણ ઓળખતા નથી. પોલીસે તપાસ દરમ્યાન તેઓનો જવાબ લીધેલો નથી. ત્યારબાદ વિ.એપીપીશ્રી દ્વારા સદર સાહેદને હોસ્ટાઇલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછતા ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી. બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૮.૫)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૮૧ થી ફરીયાદી પરમાનંદ ચુનીલાલ ગોકળગાંધીને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ધ્રોલ ગામના રહીશ છે. હાલમાં તેઓ વેપાર અર્થે મુંબઇ રહે છે. તેઓના પિતાજીનું નામ ચુનીલાલ મોરારજી છે અને હાલ તેઓ ગુજરી ગયેલ છે. તેઓએ તા.૨૨/૦૪/૧૯૮૩ માં બાલંભા ગામમાં રેવન્યુ સર્વે નં.૧૦૦૯ થી બે એકર અને દશ ગુઠાની ખેતીની જમીન

બાલંભા ગામના રહેવાશી રાઘવાણી કચરાવાલા પાસેથી ખરીદ કરેલી. જેનો અસલ દસ્તાવેજ લાવેલ છે અને તેના અસલ પરથી પ્રમાણિત નકલ રજુ કરે છે. જેને પુરાવામાં રજુ દા.આ.૮૨ આપવામાં આવે છે. સદરહુ જમીન અંગેની નોંધ ૧૩૦૦ નંબરથી પાડવામાં આવેલ અને ત્યારબાદ ૧૩૫(ડી) ની નોટીસ બજાવવામાં આવેલ. સદરહુ ૧૩૫(ડી)ની નોટીસની પ્રમાણિત નકલ રજુ કરે છે. જેને પુરાવામાં રજુ દા.આ.૮૩૨ આપવામાં આવે છે અને તે અંગેના ગામ નમુના નંબર–૬ અને ૭–૧૨, ૮–અ ની પ્રમાણિત નકલ રજુ કરે છે જેને પુરાવામાં રજુ દા.આ.૮૮ થી ૮૬ આપવામાં આવે છે. તેઓના પિતાજીને ૧૯૯૯ની સાલમા પેરાલીસીસનો એટેક આવેલો અને તેની સારવાર તેઓએ પ્રથમ ગોંધીયા હોસ્પિટલ રાજકોટ અને ત્યારબાદ મુંબઇ ભાટીયા હોસ્પીટલમા કરાવેલ. પેરાલીસીસના કારણે તેમનુ જમણુ અંગ ખોટુ થઇ ગયેલ, જેથી તેઓ લખી શકતા નહી. થોડુ હલન ચલન કરી શકતા અને બાકી વ્હીલચેરમા જ લઇ જતા. તેઓના પિતાજીનુ અવસાન તા.૧૮/૧૦/૨૦૦૭માં મુંબઇ મુકામે થયેલ. જે અંગેનું મરણપ્રમાણપત્ર તેઓને બતાવવામાં આવેલ. જેને પુરાવામાં રજુ દા.આ.૮૭ આપવામાં આવે છે.

વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, તેઓ ૨૦૧૦ ના જુન મહીનામાં જોડીયા સબ રજીસ્ટાર ઓફીસમા વારસાઇ કરવા માટે આવેલા. જે અંગેની તેઓએ અરજી કરતા તેઓને પત્ર દ્વારા જાણ કરેલ કે, ઉપરોક્ત જમીન મુકેશ હરજી ખેતીયા, ગોદાવરીબેન હીરજી ખેતીયા અને વલીતાબેન પોપટલાલ ભટ્ટના નામે થયેલ છે. જે અંગેનો દસ્તાવેજ ૧૫૪૫ થી થયેલ છે. જેથી તેઓની અરજી ફાઇલ કરવામાં આવે છે તેવુ પત્ર દ્વારા જણાવવામાં આવેલ. જે પત્રની ખરી નકલ તેઓને કોર્ટ રેકર્ડમાંથી બતાવવામાં આવે છે તે જ છે. જેની અસલ પત્ર તેઓની પાસે છે. જે તેઓ આગલી મુદત્તે નામદાર અદાલતમાં રજુ કરી આપશે. તેઓના પિતાજી હાલી ચાલી શકતા ન હતા, કયાંય જઇ શકતા ન હતા અને દસ્તાવેજના સમયે તેઓ મુંબઇ હતા.

ઉપરોકત નોંધવાળા દસ્તાવેજના કહેવાતા રજીસ્ટ્રેશનની તારીખથી વીસ દીવસ બાદ તેઓના પિતાજીનું અવસાન થયેલુ. તેઓના પિતાશ્રી લખી શકતા ન હોવાથી તેઓના મમ્મીને પાવર ઓફ એટર્ની આપેલી અને તેમા તેણે અંગુઠાનું નીશાન કરેલ. ઉપરોકત દસ્તાવેજની જાણ થતા તેઓએ જોડીયામાં મામલતદાર ઓફીસમાં જાણ કરી તેઓએ તેમને કહેલ કે, તેઓ કાઇ ન કરી શકે જેથી તેઓએ કોર્ટમાં ફરીયાદ કરેલી. તેઓએ ફરીયાદ તેમની જમીન લેનાર વ્યકિતએ ખોટા વ્યકિતને ઉભા કરીને તેમની જમીન પડાવી લીધેલ હોય તેથી કરેલી છે. તેઓને આંક–૦૧ વાળી તેઓની ફરીયાદ બતાવવામાં આવે છે. જેમા તેઓની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. ફરીયાદ બાદ પોલીસે તેઓ રૂબરૂ નિવેદન લીધેલ તારીખ તેઓને યાદ નથી. ફરીયાદ વખતે તેઓ પિતાજીના પાસપોર્ટની પ્રમાણીત નકલ રજુ કરે છે.જેને પુરાવામાં રજુ દા.આ.૮૮ આપવામાં આવે છે. તેઓના પીતાશ્રી રાજકોટ અને મુંબઇ મુકામે હોસ્પીટલમાં દાખલ હોય જે બાબતના સારવારના કાગળો તેઓએ પોલીસને આપેલા જે અસલ સાથે લાવેલ છે અને તેની પ્રમાણીત નકલ રજુ કરે છે. જેને પુરાવામાં રજુ દા.આ.૮૯ અને ૯૦ આપવામાં આવે છે. તેઓને તા.૧૦/૦૯/૨૦૦૭ ના રોજનો અનુ. નંબર ૧૫૭૫ વેચાણ દસ્તાવેજની ફોટોકોપી બતાવવામાં આવે છે. જેમા નીચે ચુનીલાલ મોરારજીની સહી છે. જે તેઓના પીતાશ્રીની સહી નથી અને આવો કોઇ દસ્તાવેજ તેઓના પીતાશ્રીએ કરી આપેલ નથી. તેઓને તા.૦૭/૦૫/૨૦૧૨નું સોગંદનામુ બતાવવામાં આવે છે જેમા તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. આ સોગંદનામુ તેઓએ ફરીયાદ વખતે રજુ રાખેલ. દસ્તાવેજો અને તેઓના પિતાશ્રીનો ફોટો કોરા કાગળ ઉપર આપેલ જે તેઓને બતાવવામાં આવે છે અને જે તેઓએ ફરીયાદ વખતે આપેલ છે. જે ફોટાને પુરાવામાં રજુ દા.આ.૯૧ આપવામાં આવે છે. આજરોજ તેઓ માર્ક – ૮૧/૧ વાળાનો અસલ દસ્તાવેજ સાથે લાવેલ છે જે કામમાં રજુ કરે છે જે જેને પુરાવામાં રજુ દા.આ.૯૫ આપવામાં આવે છે અને માર્ક ૮૧/૨ વાળાનો અસલ દસ્તાવેજ જે તેઓના માતાશ્રીને તેઓના પિતાજીએ તમામ કામ કરી

આપવા માટેનું તા:–૦૫/૦૨/૨૦૦૦ ના રોજનું પાવર ઓફ એટર્ની છે જે અસલ પાવર ઓફ એટર્ની રજુ કરે છે જેમાં સાક્ષી તરીકે કાંતીલાલ મોરારજી અને તેઓની સહી પી.સી.ગાંધી તરીકે છે અને તેઓની રૂબરૂ તેમના પીતાજીએ તેમાં અંગુઠો કરી આપેલ. જેને પુરાવામાં રજુ દા.આ.૯૬ આપવામાં આવે છે. તેમને માર્ક ૮૧/૩ વાળા દસ્તાવેજ બાબતે પુછતા જણાવે છે કે તેઓએ તે વખતે અસલ સોગંદનામુ આપેલુ જે તેઓ અને તે સોગંદનામામાં જે ફોટો ચોટાડેલો છે તે તેઓના પિતાજીનો છે. માર્ક–૮૧/૩ માં પહેલા પાનામાં બીજા પેરાગ્રાફમાં એવી હકીકત લખેલ છે કે "અમોએ આ સાથે પાસપોર્ટ સાઈઝનો ફોટો કોરા કાગળ પર મારા પિતાશ્રી ચુનીલાલ મોરારજી ગાંધીનો છે". તેઓએ આપેલ ફરીયાદ બાબતે પોલીસે તેઓનુ વિશેષ નિવેદન લીધેલુ.

ત્યારબાદ બચાવપક્ષ દ્વારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદે ઉલટતપાસમાં એવી હકિકતો સ્વિકારેલ છે કે, આ કામે તેઓએ પોતાના પિતાજી ભણેલા હતા તેવો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી, ફરીયાદ વાળી જમીન સિવાય તેઓના પિતાજી બીજી કોઈ જગ્યાએ ખેતીની જમીન ધરાવતા હતા તે બાબતનો કોઈ આધાર આ કામે રજુ કરેલ નથી, તેઓએ બાલંભાના સર્વે નં–૧૦૦૯ બાબતે જે રજી. વેચાણ દસ્તાવેજ, ૧૩૫ડી ની નોટિસ વિ... રજુ કરેલા છે તે તેઓની હાજરીમાં થયેલ નથી તે બાબતે તેમને અંગત જાતમાહિતી નથી, તેઓએ નામ. જોડિયા કોર્ટમાં જે ફરીયાદ આપી તે તેઓના પિતાજીની જગ્યાએ ધ્રોલ સબરજીસ્ટ્રાર કચેરીમાં ઉભા રહીને દસ્તાવેજ નં–૧૫૪૫ તાઃ–૧૦/૦૯/૨૦૦૭ નો કરી આપનાર વ્યક્તિ તેમજ મુકેશ હરજીભાઈ ખેતીયા, ગોદાવરીબેન હરજીભાઈ ખેતીયા, તેમજ વનિતાબેન પોપટલાલ ભટ્ટ સામે આપેલી. આ ચાર વ્યક્તિમાંથી કોઈની ધરપકડ થયેલ હોય કે નામ. કોર્ટમાં હાજર થયેલ હોય તે બાબતે તેમને કોઈ જાણ નથી, તેઓએ જે હકીકત જાણી અને તપાસ મુજબ આ નટવરલાલ ચુનીલાલ સોનીએ તેઓના પિતાજીની જગ્યાએ ઉભા રહીને

દસ્તાવેજ કરી આપેલો, તેઓના ભાઈ શ્યામભાઈ અને તેઓ બંન્ને અલગ અલગ રહે છે, સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે વર્ષો થયા અમેરીકા રહે છે, આંક–૮૪ વાળા દસ્તાવેજમાં ૧૩૫ડી ની નોટિસ બજી ગયેલ છે માટે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ મુજબ પ્રમાણીત, એ સિવાય તેઓના પિતાજી કયા ગામના ખાતેદાર ખેડુત છે કે હતા તે બાબતનો કોઈ ઉલ્લેખ આમાં કરવામાં આવેલ નથી, આંક–૯૫ વાળી જાણનો પત્ર મામલતદાર કચેરી જોડિયા દ્વારા શ્યામ ચુનિલાલને ઉદેશીને લખાયેલ છે, આંક–૯૬ વાળુ પાવર ઓફ એટર્ની તેઓના પિતાજીએ તેઓની માતાને આપેલુ, ફરીયાદવાળી જમીન વેચાણ દસ્તાવેજ પછી વેચાણ લેનારના નામે ટ્રાન્સફર થઈ ગયેલ છે અને આજની તારીખમાં તેઓના નામે બોલે છે, હાલની ફરીયાદમાં નામદાર કોર્ટમાં આપી તે જ ફરીયાદ તેઓએ ઈચ્છી હોત તો જોડિયા પો.સ્ટેમાં આપી શકત, આંક–૯૧ વાળો ફોટો તેઓના પિતાજીનો છે તે દર્શાવવા માટે કોઈ સક્ષમ અધિકારીનો સહી સીક્કો કે પ્રમાણપત્ર તે સાથે આ કામે રજુ કરેલ નથી.

વધુમાં બચાવપક્ષ દ્વારા સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવી હકિકતો જણાવેલ છે કે, તેઓના પિતાજીની જગ્યાએ જે વ્યક્તિએ દસ્તાવેજ કરી આપેલ તે વ્યક્તિ નટવરલાલ ચુનીલાલ સોની હતા તેવુ તેમને પાછળથી જાણવા મળેલ, સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે તે વ્યક્તિ અવશાન પામ્યા બાદ તેમને જાણવા મળેલ, એ વાત તેમને જાણમાં છે કે જો કોઈ વ્યક્તિ ખેતીની જમીનની દલાલી કરતો હોય તો તે વ્યક્તિ જમીન લેવામાં રસ ધરાવતી વ્યક્તિને તેની જાણમાં જમીન હોય તેવી જમીન બતાવે, એ વાતની પણ તેમને જાણ છે કે જે વ્યક્તિ જમીન વેચાતી લેતી હોય એટલે કે ખરીદ કરતી હોય તે વ્યક્તિએ જમીન અને માલીક વિગેર ની સાચા ખોટા બાબતે તપાસ કરીને ખરીદવાની હોય, તેઓના પિતાજી આ જમીન સિવાય બીજે ક્યાંય ખેતીની જમીન ધરાવતા કે કેમ તેની તેમને ખબર નથી, તેમને એ વાતની જાણ નથી કે તેઓએ હાલના વાદ વાળા વેચાણ

દસ્તાવેજના આધારે પડેલ વેચાણ નોંધ સામે ડેપ્યુટી કલેક્ટર જામનગરમાં અપીલ કરેલ જે અપીલનું શુ થયુ તેની તેમને જાણ નથી, સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે રદ થયેલ નથી, મંજુર થયાની પણ તેમને ખબર નથી, આ અપીલ તેઓએ ૨૦૧૧ ની સાલમાં કરેલી, તેઓ જે દસ્તાવેજ વાળી જમીન છે તે સ્થળ પર આજદીન સુધી ક્યારેય ગયેલ નથી, તેમને ખબર પડ્યા પછી આશરે બે વર્ષ પછી તેઓએ નામ. કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલી. આ સિવાયની ઉલટતપાસમાં પુછવામાં આવેલ તમામ હકિકતોનો સદર સાહેદ દ્વારા ઈન્કાર કરવામાં આવેલ છે.

(૮.૬) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૦૦ થી સાહેદ શૈલેષભાઇ કાંતીલાલ ગોકળગાંધીને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓના પરીવારમાં શ્યામ ચુનીલાલ ગોકળગાંધી, પરમાનંદ ચુનીલાલ ગોકળગાંધી, તારાબેન ચુનીલાલ ગોકળગાંધી, નીરંજનાબેન ચુનીલાલ ગોકળગાંધી નાઓ સાથે રહે છે. તેમજ તેઓના પરીવારમાંથી ચુનીલાલ મોરારજી સને ૨૦૦૭ માં અવશાન પામેલ છે તથા નયનાબેન ચુનીલાલ સને ૨૦૦૫ માં અવશાન પામેલ છે. તેઓના દાદા એટલેકે તેઓના ભાઈજી ધ્રોલ મુકામે ભાટીયા શેરીમાં રહેતા હતા. તેઓના દાદાના નામે કોઈ જમીન હતી કે કેમ તે તેમને ખ્યાલ નથી. તેઓની પાસે પોલીસ તાઃ – ૧૮/૧૧/૨૦૧૨ ના રોજ નિવેદન લેવા માટે આવેલ. આ તેઓની જમીન ખોટી વઈ ગઈ હતી તે બાબતે તેઓનુ નિવેદન લેવા માટે આવેલ. સદર જમીન બાલંભા મુકામેની સર્વે નં–૧૦૦૯ વાળી જમીન. જે જમીન ચુનીલાલ મોરારજીના નામે હતી. જે રાઘવાણી કચરાભાઈ વાલાભાઈ પાસેથી લીધેલી હતી. સને ૨૦૧૦ માં તુેઓ અને પરમાનંદભાઈ આ જમીનની વારસાઈ કરવા જોડિયામાં રેવન્યુ ઓફીસે ગયેલા ત્યારે તેઓને ખબર પડેલ કે આ જમીન વેંચાઈ ગયેલ છે તેવુ જણાવેલ. ત્યાંથી તેઓને કોઈ લેખીતમાં જવાબ આપેલ કે કેમ તે અંગે તેમને ખ્યાલ નથી. ત્યારબાદ તેઓ તથા પરમાનંદભાઈ પ્રાંત ઓફીસે અમારી જમીન ખોટી રીતે વઈ ગઈ છે તે

બાબતે ગયેલા. ત્યાંથી તેમને પોલીસ કેસ કરવાનું જણાવવામાં આવેલ. આ ફરીયાદ પરમાનંદભાઈએ પોલીસમાં જમીન ખોટી રીતે વેચાઈ ગયેલ તે બાબતે આપેલ. આ જમીન ખોટુ ચુનીલાલ મોરારજીનું નામ ધારણ કરીને અને ચુનીલાલ મોરારજીની ખોટી સહી કરેલ ઈસમ તથા મુકેશભાઈ હીરજીભાઈ ખેતીયા, ગોદાવરીબેન હીરજી ખેતીયા, વનિતાબેન પોપટલાલ ભટ્ટ વિરૂધ્ધ આપેલી જેમાં ચુનીલાલ મોરારજીને સને ૧૯૯૯ માં પક્ષધાત થયેલ હોય અને હેન્ડીકેપ થયેલ હોય તેઓ સહી કરી શકતા ના હતા અને તેઓ મુંબઈ મુકામે રહેતા હતા. તેમને આંક ૧ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જે બાબતે તેઓનુ નિવેદન લીધેલ. તેમને કોર્ટ રેકર્ડમાંથી આંક–૯૧ વાળો ફોટો બતાવવામાં આવે છે જે જોઈને જણાવે છે કે જે તેમના દાદા ચુનીલાલ મોરારજી ગોકળગાંધી થાય છે.

ત્યારબાદ વિ.એ.પી.પી શ્રી દ્વારા સાહેદને ફરીગયેલ જાહેર કરતા ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવાની પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવતા ઉલટતપાસમાં જણાવેલ છે કે તેઓને માર્ક ૮૧/૧ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે તેઓ અને પરમાનંદભાઈ મામલતદાર ઓફીસે વારસાઈ માટે ગયેલા તે બાબતનો લેખીત જવાબ છે તે તેજ છે. આમાં અરજી કરનાર પરમાનંદ ચુનીલાલ હતા જેણે શ્યામ ચુનીલાલ વતી અરજી કરેલી.

ત્યારબાદ બચાવપક્ષ દ્વારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદે ઉલટતપાસમાં એવી હકિકતો સ્વિકારેલ છે કે, માર્ક ૮૧/૧ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે તેઓ અને પરમાનંદભાઈ મામલતદાર ઓફીસે વારસાઈ માટે ગયેલા તે બાબતનો લેખીત જવાબ છે તે તેજ છે જેમાં અરજી કરનાર પરમાનંદ ચુનીલાલ હતા જેણે શ્યામ ચુનીલાલ વતી અરજી કરેલાની હકિકત તેઓએ પોતના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પોલીસે તેઓની પાસે માંગેલ

નહી એટલે તેઓએ જણાવેલ નહી, તેજ રીતે તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં ચુનીભાઈનો ફોટો આપેલો અને તેઓએ તે ઓળખાવેલો તેવી હકીકત લખાવેલ નથી, ચુનીભાઈ છે તે તેઓના પિતાજીના મોટા ભાઈ થાય છે, પરમાનંદભાઈએ મુકેશભાઈ હીરજીભાઈ ખેતીયા, ગોદાવરીબેન હીરજી ખેતીયા, વનિતાબેન પોપટલાલ ભટ્ટ વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં દિવાની દાવો કરેલ છે જે દાવો હાલ પણ ચાલુ છે, જો કોઈ વ્યક્તિ જમીન મકાન નો લે–વેચ નો વ્યવસાય કરતો હોય તે વ્યક્તિ જમીન લેવા ઈચ્છતા વ્યક્તિને જે જગ્યાએ જમીન હોય તે બતાવે અને જો યોગ્ય લાગે તો તે જમીન ખરીદ કરે, જમીન વેચાતી લેતો હોય તે વ્યક્તિએ તેના ટાઈટલ અને આપનાર વ્યક્તિ તે જ છે વિગેરે ચોક્કસાઈ કરવાની જવાબદારી તેની રહે છે.

વધુમાં બચાવપક્ષ દ્વારા સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવી હકિકતો જણાવેલ છે કે, તેઓ ધ્રોલથી પરમાનંદભાઈ સાથે જોડિયા મામલતદાર ઓફીસમાં જમીનની તપાસ માટે આશરે ૧૧ થી ૧૨ વાગ્યાની વચ્ચે આવેલા, ત્યાં જઈને તેઓ કોને મળેલા તેની તેમને ખબર નથી, સાહેદ સ્વૈછાએ જણાવે છે કે અધિકારીને મળ્યા હશુ, જે અધિકારીને મળવા ગયેલા તે અધિકારીને મળવા માટે પરમાનંદભાઈ ગયેલા તેઓ બહાર ઉભા હતા, તેઓ વારસાઈ કરાવવા ગયા ત્યારે તેઓની જમીન વેંચાઈ ગયાની હકીકતની વાત તેમને પરમાનંદભાઈએ કરેલી, ત્યારબાદ તેઓ ધ્રોલ મુકામે પ્રાંત અધિકારીશ્રીની કચેરીમાં ગયેલા, ત્યાં પણ અધિકારીશ્રીને મળવા માટે પરમાનંદભાઈ ગયેલા, તેઓને ફરીયાદ કરવા બાબતે પ્રાંત અધિકારીશ્રીએ જણાવેલુ, તેઓને પ્રાંત અધિકારીશ્રીએ ફરીયાદ કરવાનું જણાવતા તેઓ જોડિયા પો.સ્ટે પર આવેલા, ત્યાં પરમાનંદભાઈએ ફરીયાદ લખાવેલી, તેઓ પરમાનંદભાઈ સાથે બેઠેલ કે બહાર બેઠેલ તે તેમને હાલ યાદ નથી, ફરીયાદ કરતા પરમાનંદભાઈને કેટલી વાર લાગેલી તે સમય તેમને હાલ યાદ નથી, તેમને પોલીસે પુછપરછ કરવા માટે બોલાવેલ કે કેમ તેનો તેમને ખ્યાલ નથી, ફરીયાદ કર્યા બાદ તેઓ અને પરમાનંદભાઈ ધ્રોલ

મુકામે ચાલ્યા ગયેલા, ત્યારબાદ પરમાનંદભાઈ બે ચાર દિવસ ધ્રોલ મુકામે રોકાઈને મુંબઈ ચાલ્યા ગયેલા, પરમાનંદભાઈ મુંબઈ ગયા બાદના સમયથી બે ચાર માસના ગાળામાં તેઓને જોડિયા પોલીસને મળવાનું થયેલ નથી, તેઓની અને પરમાનંદભાઈની અટક ગોકળગાંધી છે, તેઓના પિતાજીનું નામ કાંતિભાઈ છે, આ ફરીયાદ દાખલ કરેલ ત્યારે તેઓના પિતાજી હયાત ન હતા, તેની જન્મ તારીખ ૧૭/૦૫/૧૯૬૧ ની છે, બાલંભા ગામની ખેતીની જમીન ચુનીભાઈએ વેંચાતી લીધેલ તે તેઓ રેકર્ડ ઉપરથી કહે છે, સાહેદ જણાવે છે કે ચુનીભાઈ દસ્તાવેજ કરવા માટે ગયેલા તેની તેમને જાણ હતી, ચુનીભાઈ દસ્તાવેજ કરવા ગયેલા ત્યારે તેમની સાથે ગયા પણ હોય અને ના પણ ગયા હોય, દસ્તાવેજ ચુનીભાઈએ કોની પાસે કરાવેલો તે તેમને ખબર નથી, સાહેદ સ્વૈછાએ જણાવે છે કે દસ્તાવેજમાં લખેલ હશે, દસ્તાવેજ કરાવવા માટે ચુનીભાઈ ધ્રોલ ગામ ગયેલા કે જોડિયા ગયેલા તેની તેમને ખબર નથી, શ્યામભાઈ છે તે ચુનીભાઈના દિકરા થાય છે, શ્યામભાઈ ૪૨ વર્ષથી અમેરીકા મુકામે રહે છે, શ્યામભાઈનો પરીવાર પણ તેમની સાથે અમેરીકા મુકામે રહે છે, ચુનીભાઈએ મુકેશભાઈ હીરજીભાઈ ખેતીયા, ગોદાવરીબેન હીરજી ખેતીયા, વનિતાબેન પોપટલાલ ભટ્ટ વિરૂધ્ધ ફરીયાદ આપેલી તેઓની ધરપકડ થઈ કે કેમ તેની તેમને ખબર નથી, તેઓના દાદા મોરારજીભાઈ ખાતેદાર હતા કે કેમ તેની તેમને ખબર નથી, ચુનીભાઈ ખાતેદાર હતા કે કેમ તેની તેમને કોઈ ખબર નથી, એ વાતની તેમને ખબર છે કે જો કોઈ વ્યક્તિ ખાતેદાર ખેડુત હોય તો જ વેચાણે લીધેલી જમીન તેમના નામે ચડે.

આ સિવાયની ઉલટતપાસમાં પુછવામાં આવેલ તમામ હકિકતોનો સદર સાહેદ દ્વારા ઈન્કાર કરવામાં આવેલ છે.

(૮.૭) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૦૩ થી સાહેદ કાજલબેન મહેન્દ્રભાઈ વોરાને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની

જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ૧૦/૦૯/૨૦૦૭ ના રોજ જોડીયા તાલુકાના રણજીતપર ગ્રામ પંચાયતમા તલાટી કમ મંત્રી તરીકે હાજર થયેલા. આ રણજીતપર ગ્રામપંચાયત પહેલા બાલંભા ગ્રામપંચાયત એક પંચાયત હતી પરંતુ ૨૦૦૮ ની સાલમા રણજીતપર ગ્રામ પંચાયત અલગ પડેલી અને તેનુ અસલ રેકર્ડ બાલંભા ગ્રામ પંચાયતમા રહેતુ. રણજીતપર ગામના કચરાભાઈ વાલાભાઈ રાધવાણીએ પોતાની હયાતીમા ૧૯૮૩ મા આ જમીન વેચી નાખેલ અને સામે લેવાવાળા ચુનીલાલ મોરારજીભાઈ છે જે કોણ છે સોની છે કે ભાટીયા છે તેની તેમને ખબર નથી અને આ જમીન ચુનીલાલ મોરારજીભાઈએ ૨૦૦૭ મા મુકેશભાઈ હીરજીભાઈ ખેતીયા વિગેરે ને વેચાણ કરી નાખેલ છે. આ વેચાણ થયુ ત્યારે તેઓની રણજીતપર ગ્રામપંચાયત બાલંભા ગ્રામપંચાયતમા આવતી હતી. જેના અસલ રેકર્ડ અહી તેઓની ગ્રામપંચાયતમા નથી. બાલંભા ગ્રામપંચાયતમા છે અને હાલ આ જમીન તેઓની રણજીતપર ગ્રામપંચાયતમા મુકેશભાઈ હીરજીભાઈ ખેતીયા વિગેરે ના નામે બોલે છે. આ કચરાભાઈ વાલાભાઈ રાધવાણી પાસેથી આ જમીન કોણે લીધેલ છે તેનુ કોઈ રેકર્ડ અહી તેમની પાસે નથી. કારણ કે જયારે આ વેચાણ થયેલ ત્યારે બાલંભા ગ્રામ પંચાયતમા થયેલ છે જેથી તેનુ કોઈ રેકર્ડ રણજીતપર ગ્રામ પંચાયતમા નથી. તેના અસલ રેકર્ડ બાલંભા ગ્રામ પંચાયતમા છે. તેમજ આ જમીનનો વેચાણખત દસ્તાવેજ મામલતદારશ્રીની ઓફીસ જોડીયા ઈ–ધરા શાખામાથી મેળવી શકાશે. આ જયારે વેચાણ થયેલુ તે દિવસે તેઓ હાજર થયેલ. તેથી આ જે તમામ પ્રક્રિયા થયેલ છે તે તેઓની અગાઉના સમયમા થયેલ છે. જેના કારણે વિશેષ કંઈ જાણતી નથી. બનાવ અંગે પોલીસે તેઓનુ નિવેદન લીધેલુ.

વધુમાં બચાવપક્ષ દ્વારા સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવી હકિકતો જણાવેલ છે કે, તેઓને તલાટી કમ મંત્રી તરીકે નોકરીના ૧૭ વર્ષ થયા છે. વધુમાં સદર સાહેદે ઉલટતપાસમાં એ હકિકતો સ્વિકારેલ છે કે, કોઈપણ વ્યક્તિ ખેતીની જમીન વેચાણ લે તો તે

ખાતેદાર હોય તો જ તેના નામે ચડે, એવી વ્યક્તિની વેચાણ નોંધ મંજુર થાય તો તેના શેરામાં સર્કલ ઓફિસર તે ક્યા ગામના ખાતેદાર છે તનો પણ ઉલ્લેખ કરે.

(૮.૮) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૦૬ થી સાહેદ રાધીકાબેન અરવીંદભાઇ રાઠોડને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૧૨ ની સાલમાં ગ્રામ પંચાયત બાલંભામાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન પી.એસ.આઈ શ્રી જોડિયા તથા તેમના સ્ટાફના માણસો તેઓની પાસે આવેલા. તે દરમ્યાન ચુનિલાલ મોરારજી જેનો સર્વે નં–૧૦૦૯ વાળી જમીન તા:–૧૪/૦૪/૧૯૮૩ ના રજી. દસ્તાવેજથી નોંધ નં–૬ ના કાગળોની નકલ તેઓએ રેકર્ડ પરથી ઝેરોક્ષ કરીને આપેલી. આના સિવાય તેઓએ બીજુ કાંઈ આપેલ નહી. પોલીસે તેમનુ નિવેદન લીધેલુ. આનાથી વિશેષ તેઓને કાંઈ કહેવુ નથી. તેમને બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૩૫(ડી)ની નોટિસની નકલ બતાવવામાં આવે છે જે તેમણે રેકર્ડમાંથી ઝેરોક્ષ કરીને આપેલી તે નોટિસ તેજ છે. જે રજુ દા.આં.૧૦૭ આપવામાં આવે છે. તેમને હક્કપત્રક ગામ નમુના નં–૬ ની નકલ પોલીસના માણસો લઈને આવેલા અને તેઓને બતાવેલ તે જ છે જે કામમાં રજુ દા.આં.–૧૦૮ આપવામાં આવે છે. તેમાં નોંધ નંબર–૬૫૩ અને નોંધ નં–૧૩૦૦ વાળી નોંધો છે. જેમાંથી નોંધ નં–૧૩૦૦ વાળી નોંધ મળી આવી અને નોંધ નં–૬૫૩ મળી આવેલ નહી. જેમાંથી જે નોંધ નં–૧૩૦૦ મળી આવેલ તે મેં જે તે સમયે ઓફીસના રેકર્ડમાંથી પોલીસને કાઢી આપેલ જે કામમાં રજુ દા.આં.૧૦૯ આપવામાં આવે છે.

વધુમાં બચાવપક્ષ દ્વારા સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવી હકિકતો જણાવેલ છે કે, સદર કામે જે જુબાની આપેલ છે તે તેઓએ રેકર્ડ આધારે આપેલ છે. વધુમાં સદર સાહેદે એ

હકિકતનો સ્વિકાર કરેલ છે કે, આ તમામ રજુ કરેલા ડોક્યુમેન્ટ જે તે સમયે તેઓએ કરેલા નથી ઉપલબ્ધ રેકર્ડમાંથી આપેલ છે.

(૮.૯) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૧૨ થી સાહેદ હિતેન્દ્રભાઇ નટવરલાલ જાનીને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,૧૭ વર્ષ પહેલાથી તેઓ બાલંભા મુકામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કમ્પાઉન્ડર તરીકે નોકરી કરતા હતા અને ૮૨–૮૩ થી નટવરલાલ નરભેશંકર જાની નોકરી કરતા તેઓ તલાટી કમ મંત્રી તરીકે બાલંભા મુકામે નોકરી કરતા હતા. ગ્રામ પંચાયત બાલંભામાં રણજીતપર અને બાલંભા એમ બે ગામો આવતા હતા. તેઓના બાપુજાના કહેવાથી તેઓ સ્ટેમ્પ ખરીદવા ધ્રોલ ગયા હતા. ધ્રોલમાં એક બહેન સ્ટેમ્પ વહેંચતા હતા તેની પાસેથી તેઓએ સ્ટેમ્પ ખરીદ કરેલ અને પાછા આવીને સ્ટેમ્પ તેઓના બાપુજી(પિતા)ને આપેલ. સ્ટેમ્પમાં લખાણ કર્યુ હશે કે કેમ તે તેમને હાલ યાદ નથી. તેઓ હાલ યાદ કરીને કહે છે કે રણજીતપરના કચરા વાલા રાઘવાણીએ પોતાની જમીન ધઅરોલના રહેવાસસી ચુનીલાલ મોરારજીને આપેલ અને તે સને ૧૯૮૩માં આપેલ તે તેમને યાદ છે. ચુનીલાલ મોરારજી એ તેઓના પિતાજી(નટવરલાલ નરભેશંકર)ના મિત્ર હતા તેથી તેઓ જાણે છે. દસ્તાવેજ બાબતે તેમને કાંઇ ખબર નથી. તેઓ હોસ્પિટલમાં નોકરી કરતો હતો ત્યારે પોલીસે ત્યાં તેઓનું નિવેદન લેવા માટે આવેલ. કોણે કોના વિરૂદ્ધ ફરીયાદ આપેલી તે તેમને ખબર નથી. તેમને દસ્તાવેજની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે જેમાં સાક્ષી તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે કામમાં રજુ દા.આં.૧૧૩ આપવામાં આવે છે. તેઓને સ્ટેમ્પમાં સહી બતાવવામાં આવે છે જે તેઓની સહી છે અને જે તેઓ ઓળખી બતાવે છે.

બચાવપક્ષ દ્વારા સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવી હકિકતો જણાવેલ છે કે, તેઓ પંદરેક વર્ષ જેવા સમયથી

નામ.કોર્ટ, દસ્તાવેજ ઓફીસ વિગેરે ઓફીસોના સંપર્કમાં છે, તેઓને જે એપીપી સાહેબ દ્વારા ૩૬/૧ વાળા કાગળમાં તેઓની જે પાછળ સહી બતાવેલી જે તેઓએ સહી તેઓની દસ વર્ષ બાદ બદલાવી ત્યાર પછી અંગ્રેજીમાં Jani.H.N. એવી કરે છે, તેઓને અસલ દસ્તાવેજ બતાવવામાં આવે છે જેમાં સ્ટેમ્પ લેનારમાં Jani.H.N. અંગ્રેજીમાં લખેલ છે તે બતાવવામાં આવે છે તે સહી તેઓની નથી, તેઓને પોતાના પિતાજીએ સ્ટેમ્પ લેવા મોકલેલ તે સ્ટેમ્પ લઇને તેઓ બાલંભા મુકામે ગયેલ, એ સ્ટેમ્પ બાલંભા મુકામે તેઓના પિતાજીને આપ્યા બાદ જોડીયા આવેલ જ નહી, ચુનીલાલ મોરારજી જે તેઓના પિતાજીના મિત્ર છે તે ક્યા ગામના ખાતેદાર ખેડુત છે તે તેઓ જાણતા નથી.

આ સિવાયના ઉલટતપાસમાં પુછવામાં આવેલ તમામ હકિકતોનો સદર સાહેદ દ્વારા ઈન્કાર કરવામાં આવેલ છે.

**(૮.૧૦)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૧૬ થી સાહેદ જગદીશભાઇ ચુનીલાલ સોનીને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓના બાપુજીનું નામ સોની ચુનિલાલ મોરારજી નાંધા છે, જેઓ હાલ હયાત નથી. તેઓ ચાર ભાઈ તથા ત્રણ બહેનો છે જેમાં ભાઈઓમાં તેઓ અને બીજા નટવરલાલ ચુનિલાલ સોની કે જેઓ હયાત નથી તથા અરવિંદભાઈ ચુનિલાલ સોની તથા મનોજ ચુનિલાલ સોની તથા બહેનોમાં ચંચળબેન ચુનિલાલ, મધુબેન ચુનિલાલ, રમીલાબેન ચુનિલાલ એમ ત્રણ બહેનો છે. તેઓના બહેનોમાં (૧)ચંચળબેન ચુનિલાલ ના લગ્ન રાશનપર ગામે(જોડિયાનું બાજુમાં) ચંદ્રકાંત શામજીભાઈ પાલા જોડે થયેલ છે અને તેઓને સંતાનમાં બે દિકરા અને બે દિકરીઓ છે, બીજા બહેન (૨)મધુબેન ચુનિલાલના લગ્ન ગીરહડમતીયા મુકામે ઉમેદકુમાર દયાળજી લોઢીયાનાઓ જોડે થયેલ છે અને તેઓને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે મધુબેન હાલ કેનેડા મુકામે છે, ત્રીજા બહેન (૩)રમીલાબેન

ચુનિલાલ ના લગ્ન સુરત મુકામે પ્રતાપકુમાર શામજીભાઈ પાલા જોડે થયેલ છે અને તેઓને સંતાનમાં ત્રણ દિકરા છે. તેઓના પિતાજીની જમીન કયા ગામમાં અને કયા સર્વે નંબરથી આવેલ છે તે તેમને ખબર નથી, તેઓ પોતાના પિતાજીથી ૪૫ વર્ષથી જુદા રહે છે. આ કેસ બાબતે તેઓ કાંઈ જાણતા નથી. શુ તકરાર હતી કે કોના જોડે શુ થયેલુ તે તેઓ જાણતા નથી કે કોઈ તકરાર વાળી મિલ્કતમાં ભાગ લીધેલ નથી. વિ.એ.પી.પી શ્રી દ્વારા સાહેદને ફરીગયેલ જાહેર કરતા ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછ જણાવેલ છે કે સાહેદને તાઃ–૨૯/૦૭/૨૦૧૩ ના રોજનું પોલીસ સમક્ષનું નિવેદન બતાવતા તે આવુ કોઈ નિવેદન ના આપેલ હોવાનું જણાવે છે.

બચાવપક્ષ દ્વારા સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવી હકિકતો સ્વિકારેલ છે કે, ચુનિલાલ મોરારજી તેઓના પિતા થાય છે, સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે સોની ચુનિલાલ મોરારજી તેઓના પિતા થાય છે, તેઓના પિતાજીથી તેઓ ૪૫ વર્ષથી અલગ રહેતા હોય, તેઓના પિતાજીના આર્થિક તેમજ અંગત વ્યવહાર વિશે જાત માહિતી નથી.

**(૮.૧૧)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૧૭ થી સાહેદ અરવિંદભાઈ ઉર્ફે અશ્વિન ચુનીલાલ નાંધાને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓના બાપુજીનું નામ સોની ચુનિલાલ મોરારજી નાંધા છે, જેઓ હાલ હયાત નથી. તેઓ ચાર ભાઈ તથા ત્રણ બહેનો છે જેમાં ભાઈઓમાં તેઓ અને બીજા નટવરલાલ ચુનિલાલ સોની કે જેઓ હયાત નથી તથા, જગદીશભાઈ ચુનિલાલ સોની તથા મનોજ ચુનિલાલ સોની તથા બહેનોમાં ચંચળબેન ચુનિલાલ, મધુબેન ચુનિલાલ, રમીલાબેન ચુનિલાલ એમ ત્રણ બહેનો છે. તેઓના બહેનોમાં (૧)ચંચળબેન ચુનિલાલ ના લગ્ન રાશનપર ગામે(જોડિયાનું બાજુમાં) ચંદ્રકાંત શામજીભાઈ પાલા જોડે થયેલ છે અને તેઓને સંતાનમાં બે દિકરા અને બે દિકરીઓ છે., બીજા બહેન (૨)મધુબેન ચુનિલાલ ના લગ્ન ગીરહડમતીયા મુકામે ઉમેદકુમાર

દયાળજી લોઢીયાનાઓ જોડે થયેલ છે અને તેઓને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. મધુબેન હાલ કેનેડા મુકામે છે., ત્રીજા બહેન (૩)રમીલાબેન ચુનિલાલ ના લગ્ન સુરત મુકામે પ્રતાપકુમાર શામજીભાઈ પાલા જોડે થયેલ છે અને તેઓને સંતાનમાં ત્રણ દિકરા છે. તેઓના પિતાશ્રીની ખેતીની જમીન કયા ગામમાં કયા સર્વે નંબરથી અને કેટલા એકર આવેલી છે તેનો તેમને ખ્યાલ નથી. આ જમીન અંગે કોઈ કેસ દાખલ થયેલ હોય કે કોઈ દસ્તાવેજ કરેલ છે કે કેમ તેની તેમને કોઈ જાતમાહિતી નથી. કોણે ફરીયાદ આપેલી તેની તેમને ખબર નથી. દસેક વર્ષ પહેલા પોલીસે તેઓની પુછપરછ કરેલી. વિ.એ.પી.પી શ્રી દ્વારા સાહેદને ફરીગયેલ જાહેર કરતા ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછ જણાવેલ છે કે સાહેદને તાઃ–૨૯/૦૭/૨૦૧૩ ના રોજનું પોલીસ સમક્ષનું નિવેદન બતાવતા તે આવુ કોઈ નિવેદન ના આપેલ હોવાનું જણાવે છે.

બચાવપક્ષ દ્વારા સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવી હકિકતો સ્વિકારેલ છે કે, ચુનિલાલ મોરારજી તેઓના પિતા થાય છે, સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે સોની ચુનિલાલ મોરારજી તેઓના પિતા થાય છે, તેઓના પિતાજીના આર્થિક તેમજ અંગત વ્યવહાર વિશે જાત માહિતી નથી.

**(૮.૧૨)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૧૮ થી સાહેદ મનોજભાઇ ચુનીલાલ સોનીને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓના બાપુજીનું નામ સોની ચુનિલાલ મોરારજી નાંધા છે, જેઓ હાલ હયાત નથી. તેઓ ચાર ભાઈ તથા ત્રણ બહેનો છે જેમાં ભાઈઓમાં તેઓ અને બીજા નટવરલાલ ચુનિલાલ સોની કે જેઓ હયાત નથી તથા, જગદીશભાઈ ચુનિલાલ સોની તથા અરવિંદભાઈ ચુનિલાલ સોની તથા બહેનોમાં ચંચળબેન ચુનિલાલ, મધુબેન ચુનિલાલ, રમીલાબેન ચુનિલાલ એમ ત્રણ બહેનો છે. તેઓની બહેનોમાં (૧)ચંચળબેન ચુનિલાલ ના લગ્ન

રાશનપર ગામે(જોડિયાનું બાજુમાં) ચંદ્રકાંત શામજીભાઈ પાલા જોડે થયેલ છે અને તેઓને સંતાનમાં બે દિકરા અને બે દિકરીઓ છે., બીજા બહેન (૨)મધુબેન ચુનિલાલ ના લગ્ન ગીરહડમતીયા મુકામે ઉમેદકુમાર દયાળજી લોઢીયાનાઓ જોડે થયેલ છે અને તેઓને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. મધુબેન હાલ કેનેડા મુકામે છે., ત્રીજા બહેન (૩)રમીલાબેન ચુનિલાલ ના લગ્ન સુરત મુકામે પ્રતાપકુમાર શામજીભાઈ પાલા જોડે થયેલ છે અને તેઓને સંતાનમાં ત્રણ દિકરા છે. તેઓના પિતાશ્રીની ખેતીની જમીન કયા ગામમાં કયા સર્વે નંબરથી અને કેટલા એકર આવેલી છે તેનો તેમને ખ્યાલ નથી. આ જમીન અંગે કોઈ કેસ દાખલ થયેલ હોય કે કોઈ દસ્તાવેજ કરેલ છે કે કેમ તેની તેમને કોઈ જાતમાહિતી નથી. કોણે ફરીયાદ આપેલી તેની તેમને ખબર નથી. પોલીસે મારી પુછપરછ કરેલી નહી. વિ.એ.પી.પી શ્રી દ્વારા સાહેદને ફરીગયેલ જાહેર કરતા ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછ જણાવેલ છે કે સાહેદને તાઃ–૨૯/૦૭/૨૦૧૩ ના રોજનું પોલીસ સમક્ષનું નિવેદન બતાવતા તે આવુ કોઈ નિવેદન ના આપેલ હોવાનું જણાવે છે.

બચાવપક્ષ દ્વારા સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવી હકિકતો સ્વિકારેલ છે કે, ચુનિલાલ મોરારજી તેઓના પિતા થાય છે, સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે સોની ચુનિલાલ મોરારજી તેઓના પિતા થાય છે, તેઓના પિતાજીના આર્થિક તેમજ અંગત વ્યવહાર વિશે જાત માહિતી નથી.

**(૮.૧૩)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૩૨ થી ત.ક.અ. હસમુખભાઇ બાબુભાઇ ગામેતીને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૧૨ માં જોડિયા પો.સ્ટે ખાતે પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન જોડિયા પો.સ્ટે ના એમ.કેસ નંબર ૦૫/૨૦૧૨, ઈ.પી.કો કલમ ૪૬૨, ૪૬૭,

૪૬૮, ૪૭૧ મુજબની તપાસ તેઓને એ.એસ.આઈ બી. કે. જાડેજા નાઓ પાસેથી મળેલ તે તપાસના કામે તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ તેમજ ફરીયાદી પરમાનંદ ચુનિલાલ ગોકળગાંધી નાઓનું પણ નિવેદન લીધેલ ત્યારબાદ તારીખ–૧૮/૧૧/૨૦૧૨ ના રોજ બાલંભા રણજીતપર ગામની સીમમાં આવેલ આ બનાવ વાળી જગ્યાનું પંચનામું પંચો રૂબરૂ કલાક ૧૫–૦૦ થી ૧૬–૦૦ દરમ્યાન કરવામાં આવેલ બાદ આ કામે તલાટી કમ મંત્રીશ્રી બાલંભા રાધીકાબેન છગનભાઈ રાઠોડનાઓનું નિવેદન લેવામાં આવેલ તેમજ આ કામે દસ્તાવેજી નકલો રજુ કરતા તે તપાસના કામે સામેલ રાખેલ તેમજ સદર કામે જોડિયા મામલતદાર કચેરી ખાતેથી આ તપાસના કામે જરૂરી દસ્તાવેજી પુરાવા મેળવવા યાદી કરી દસ્તાવેજી પુરાવા મેળવવામાં આવેલ બાદ સદર બનાવવાળી જગ્યાની આજુબાજુના ખેડુતોના પણ નિવેદનો લેવામાં આવેલ જે નિવેદનો સાહેદોએ જણાવેલ કે સદર સર્વે નંબર વાળી જગ્યા રણજીતપર ગામના રાઘવાણી કચરાવાલા નાઓએ ફરીયાદી પરમાનંદ ચુનિલાલના પિતાજી ચુનિલાલ મોરારજી ગોકળગાંધી નાઓને વેચાણ દસ્તાવેજ કરી આપેલ તેવુ જણાવેલ. બાદ સદર કામે ફરીયાદીના પિતાજી ચુનિલાલ મોરારજી ગોકળગાંધી નું ખોટુ નામ ધારણ કરી તેમનો ફોટો લગાડી ખોટી સહી કરી દસ્તાવેજ બનાવી આ કામેના આરોપી નંબર ૨ થી ૪ નાઓને ખોટો દસ્તાવેજ કરી ખોટો દસ્તાવેજ હોવાનું જાણવા છતા ખોટો દસ્તાવેજ કરી સદર બનાવ વાળી ૧૦૦૯ વાળી જમીનનો દસ્તાવેજ કરી આરોપી નંબર ૨ થી ૪ નાઓ સાથે મળી ખોટો સર્વે નંબર દસ્તાવેજ કરી ગુનાહીત કાવતરૂ કરી દસ્તાવેજ બનાવી વેચાણ કરેલ જે ફોટા વાળા આરોપી નંબર–૧ નટવરલાલ સોનીનાઓની તપાસ કરતા તેઓ મોરબી ખાતે મળી આવેલ અને પથારીવશ હોય જેથી તેઓની સદર કામે પુછપરછ કરી વિગતવારનું નિવેદન લેવામાં આવેલ, બાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમજ જરૂરી દસ્તાવેજી પુરાવા મેળવવામાં આવેલ દરમ્યાન તા:–૧૫/૦૪/૨૦૧૩ ના રોજ તેઓની બદલી /જામનગર જીલ્લા

ખાતેથી પંચમહાલ જીલ્લા ખાતે થતા સદર કેસની તપાસ એ.એસ.આઈ. બી. કે. જાડેજાનાઓને સોંપેલ. આ કામના આરોપીને તેઓ ઓળખે છે.

બચાવપક્ષ દ્વારા સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવી હકિકતો સ્વિકારેલ છે કે, તેમને નામ.કોર્ટ દ્વારા તપાસમાં મળેલ ફરીયાદમાં લલીતકુમાર ગંગાશંકર આશાને આરોપી તરીકે દર્શાવવામાં આવેલ નથી, કોઈપણ વ્યક્તિના સરખા નામ અને પિતાના સરખા નામ વાળી વ્યક્તિ હોય શકે, તેઓએ કબ્જે કરેલ ફરીયાદીના પિતાજીએ વેચાણ લીધેલા દસ્તાવેજમાં વેચાણ લેનારનું નામ ચુનીલાલ મોરારજી એટલુ જ દર્શાવેલ છે તેની અટક દર્શાવેલ નથી, ચુનીલાલ મોરારજી ફરીયાદીના પિતા ખાતેદાર ખેડુત હોવાનો દાખલો કે પ્રમાણપત્ર તેઓએ પોતાની તપાસ દરમ્યાન કબ્જે કરેલ નથી, ફરીયાદીના પિતાજી બિમાર, અશક્ત અને પથારીવશ હતા તે બાબતે કોઈ મેડિકલ પેપર્સ ડોક્ટરનું પ્રમાણપત્ર કે એવા કોઈ મેડિકલ આધાર તેઓએ પોતાની તપાસ દરમ્યાન કબ્જે કરેલ નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ફરીયાદીએ પોતાની બિમારી સબબની હકિકત તેના નિવેદનમાં જણાવેલ છે, તેઓએ કોઈ આરોપીની અટક કરેલ નથી. આ સિવાયના ઉલટતપાસમાં પુછવામાં આવેલ તમામ હકિકતોનો સદર સાહેદ દ્વારા ઈન્કાર કરવામાં આવેલ છે.

**(૮.૧૪)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૩૩ થી ત.ક.અ. લક્ષ્મણભાઈ દેવશીભાઈ ઓડેદરાને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૧૨ માં જોડિયા પો.સ્ટે ખાતે પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન જોડિયા પો.સ્ટે ના એમ.કેસ નંબર ૦૫/૨૦૧૨, ઈ.પી.કો કલમ ૪૬૨, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબની તપાસ અમોને એ.એસ.આઈ બી. કે. જાડેજા નાઓ પાસેથી મળેલ તે તપાસના કામે તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ ત્યારબાદ આરોપી લલીતભાઈ આશાનાઓને નામ. ગુજરાત

હાઈકોર્ટના આગોતરા જામીન અરજીના હુકમ મુજબ અટક કરી જામીન મુક્ત કરેલા તેમજ આ ફરીયાદના આરોપી નંબર ૧ મરણ ગયેલ હોવાથી તેમના મરણના સાધનિક કાગળો મેળવી તેમની વિરૂધ્ધમાં નામ. કોર્ટમાં એબેટેડ સમરી ભરી મોકલી આપેલ અને લલીતભાઈ આશાનાઓ વિરૂધ્ધ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. તેમને નામ. કોર્ટ રેકર્ડમાંથી આરોપીની અટક કરેલ તે પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે તે તેઓએ બે પંચોની હાજરીમાં કરેલ છે તે જ છે અને તેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખે છે. આ કામના આરોપીને તેઓ ઓળખે છે.

બચાવપક્ષ દ્વારા સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવી હકિકતો સ્વિકારેલ છે કે, હાલના કામે તેઓએ સબ રજિસ્ટ્રારશ્રી જોડિયા તેમજ તલાટી કમ મંત્રીશ્રી રણજીતપરના નિવેદનો લીધેલા નથી, હાલની જે વાદવાળી જમીન છે તે વેચાણ દસ્તાવેજ વાળા વેચાણ લેનારાઓને તેઓએ આ કામે આરોપી તરીકે અટક કરેલા નથી કે દર્શાવેલા નથી, સામાન્ય રીતે પોતાના અને પિતાના સરખા નામવાળી વ્યક્તિઓ એકથી વધારે હોય શકે, ફરીયાદીના પિતાજી બિમાર, અશક્ત અને પથારીવશ હતા તે બાબતે કોઈ મેડિકલ પેપર્સ ડોક્ટરનું પ્રમાણપત્ર કે એવા કોઈ મેડિકલ આધાર તેઓએ પોતાની તપાસ દરમ્યાન કબ્જે કરેલ નથી, ફરીયાદીના પિતાજીનો પાસપોર્ટ કે ફોટો તેઓએ કબ્જે કરેલ નથી. આ સિવાયના ઉલટતપાસમાં પુછવામાં આવેલ તમામ હકિકતોનો સદર સાહેદ દ્વારા ઈન્કાર કરવામાં આવેલ છે.

## –: પુરાવાનું મુલ્યાંકન :–

(૯) ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી વિરૂદ્ધ જે ગુનાનો આક્ષેપ છે તે બાબતે કાયદાકિય જોગવાઈ જોવામાં આવે તો,

**ભારતીય દંડ સંહિતાની કલમ ૪૬૫ – ખોટો દસ્તાવેજ બનાવવાના ગુના માટે શિક્ષાઃ–**

જે કોઇ વ્યક્તિ ખોટો દસ્તાવેજ બનાવવાનો ગુનો કરે, તેને બે વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

પરંતુ, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૫ મુજબ ખોટા દસ્તાવેજને સમજવા માટે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૩ તથા ૪૬૪ ધ્યાને લેવી જરૂરી છે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૪૬૩ – ખોટો દસ્તાવેજ બનાવવાનો ગુનોઃ–**

જે કોઇ વ્યક્તિ, લોકોને અથવા કોઇ વ્યક્તિને નુકશાન કરવાના અથવા હાની પહોંચાડવાના અથવા કોઇ દાવા કે હકનું સમર્થન કરવાના અથવા કોઇ વ્યક્તિ કંઇ મિલકત આપી દે એવુ કરવાના અથવા તેની પાસે કોઇ સ્પષ્ટ કે ગર્ભિત કરાર કરાવવાના ઇરાદાથી અથવા કપટ કરવાના અથવા કપટ કરવામાં આવે તેવા ઇરાદાથી કોઇ ખોટા દસ્તાવેજ અથવા ખોટું ઇલેક્ટ્રોનીક રેકર્ડ અથવા દસ્તાવેજનો કોઇ ભાગ બનાવે તે ખોટો દસ્તાવેજ બનાવવાનો ગુનો કરે છે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૪૬૪ – ખોટો દસ્તાવેજ બનાવવોઃ–**

કોઇ વ્યક્તિ ખોટો દસ્તાવેજ અથવા ખોટો ઇલેક્ટ્રોનીક રેકર્ડ બનાવેલ હોવાનું કહેવાય– પ્રથમ, જે વ્યક્તિ, જે કોઇ વ્યક્તિ–

કોઇપણ દસ્તાવેજ અથવા કોઇપણનો કોઇ ભાગ, ઇલેક્ટ્રોનીક રેકર્ડ અથવા ડિજિટલ સહી, જે વ્યક્તિએ અથવાતે વ્યક્તિઓના અધિકારથી બનાવ્યો

નથી, તેના ઉપર સહી કરી નથી અથવા ડિજિટલ સહી કરી નથી, એવું પોતે જાણતી હોય તે વ્યક્તિએ અથવા તે વ્યક્તિના અધિકારથી તે બનાવ્યો છે, તેના ઉપર સહી કરી છે, તેના ઉપર સિક્કો કર્યો છે તે કરી આપ્યો છે અથવા ચોટાડી હતી એમ માનવાના ઈરાદાથી બદદાનતથી અથવા કપટપૂર્વક –

(એ) તે દસ્તાવેજ અથવા તે દસ્તાવેજનો ભાગ બનાવે, તેમાં સહી કરે, તેના ઉપર સિક્કો મારે અથવા તે કરી આપે.

(બી) કોઈપણ ઈલેક્ટ્રોનીક રેકર્ડ અથવા ઈલેક્ટ્રોનીક રેકર્ડના કોઈપણ ભાગ બનાવે અથવા મોકલે;

(સી) કોઈપણ ઈલેક્ટ્રોનીક રેકર્ડ ઉપર કોઈપણ ડિજિટલ સહી લગાડે;

(ડી) દસ્તાવેજ કરી આપવાની અથવા ડિજિટલ સહીની અધિકૃતી દર્શાવતી કોઈ નિશાની કરે, અથવા

બીજી રીતે – જે કોઈ વ્યક્તિ કાયદેસર સત્તા વિના અપ્રમાણિક પણે અથવા છળ આચરીને કોઈ દસ્તાવેજ સુધારી અથવા તેના કોઈ ભાગ ઉપર તે નિષ્યાદિત થયા બાદ તેની ઉપર ઈલેક્ટ્રોનિક સહિ પોતાની અથવા અન્ય વ્યકિતને મુકે કે જે વ્યક્તિ આવા સમયે જીવંત હોય અથવા મરણ ગયેલ હોય અથવા રદ કરે અથવા.

ત્રીજી રીતે – જે અપ્રમાણિક પણે અથવા છળ આચરીને કોઈ વ્યકિતની સહી, મોહોર નો ઉપયોગ કરે અથવા દસ્તાવેજોને સુધારે અથવા ઈલેક્ટ્રોનિક રેકર્ડમાં સુધારો કરે અથવા તેની ઈલેક્ટ્રોનિક સહી કોઈ દસ્તાવેજી રેકર્ડ ઉપર લગાડે કે જે જાણતો હોય તે જે કોઈ વ્યક્તિ અસ્થિર મનનો અથવા અખાદ્ય પદાર્થના ઘેન તળે છે અથવા તેવી વર્તણુંક ન કરવા માટે કારણ હોય કે જે વ્યક્તિ દસ્તાવેજના મજકૂર અથવા ઈલેક્ટ્રોનિક રેકર્ડ અથવા સુધારણાના પ્રકારને સમજી શક્તો ન હોય તેને નિષ્પાદિત કરે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૪૬૭ – કિંમતી જામીનગીરી, વીલ વગેરેની ખોટી બનાવટ કરવાનો ગુનોઃ–**

જે કોઇ વ્યક્તિ, કોઇ કિંમતી જામીનગીરી અથવા વીલ અથવા પુત્ર દત્તક લેવાનું અધિકારપત્ર હોવાનું અભિપ્રેત હોય તેવા દસ્તાવેજ અથવા કોઇ કિંમતી જામીનગીરી બનાવવાનો અથવા તેનો તબદિલ કરવાનો અથવા મુદ્દલ રકમ, તેનું વ્યાજ કે ડીવીડન્ડ સ્વિકારવાનો અથવા કોઇ રકમ, વસ્તુ કે કિંમતી જામીનગીરી સ્વિકારવાનો કે આપવાનો અધિકાર આપતો હોવાનું અભિપ્રેત હોય તેવા દસ્તાવેજની અથવા જે નાણાં મળ્યાની પહોંચ અથવા પાવતી અથવા કોઇ વસ્તુ કે કિંમતી જામીનગીરી મળી ગયાની પહોંચ અથવા પાવતી હોવાનું અભિપ્રેત હોય તેવા દસ્તાવેજની ખોટી બનાવટ કરવાનો ગુનો કરે તેને આજીવન કેદની અથવા દસ વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૪૬૮ – ઠગાઇ કરવાના હેતુથી ખોટો દસ્તાવેજ બનાવવા બાબતઃ–**

જે કોઇ વ્યક્તિ, કોઇ બનાવટી દસ્તાવેજ અથવા ઇલેક્ટ્રોનીક રેકર્ડ્ઝનો ઠગાઇ કરવાના હેતુથી ઉપયોગ કરવામાં આવશે એવા ઇરાદાથી એવો ખોટો દસ્તાવેજ અથવા ઇલેક્ટ્રોનીક રેકર્ડ બનાવે તેને ત્રણ વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૪૭૧ – બનાવટી (ખોટો) દસ્તાવેજ અથવા ઇલેક્ટ્રોનીક રેકર્ડ્ઝનો ખરા તરીકે ઉપયોગ કરવા બાબતઃ–**

જે કોઇ વ્યક્તિ, કોઇ દસ્તાવેજ અથવા ઇલેક્ટ્રોનીક રેકર્ડ્ઝ બનાવટી હોવાનું પોતે જાણતો હોય અથવા પોતાને તેમ માનવાને કારણ હોય તેનો બદદાનતથી અથવા કપટપૂર્વક ખરા દસ્તાવેજ અથવા ઇલેક્ટ્રોનીક અથવા

ઈલેક્ટ્રોનીક રેકર્ડ તરીકે ઉપયોગ કરે, તેણે પોતે તે દસ્તાવેજની ખોટી બનાવટ કરવાનો ગુનો કર્યો હોય એમ ગણીને તે રીતે જ શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦ બી – ગુનાહિત કાવતરાની શિક્ષાઃ–**

(૧) જે કોઈ વ્યક્તિ મોતની, આજીવન કેદની અથવા બે કે તેથી વધુ વર્ષ સુધીની સખત કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાના ઈરાદાથી ગુનાહિત કાવતરામાં સામેલ હોય તેને એવાં કાવતરાં માટેની શિક્ષાની આ અધિનિયમમાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી ન હોય ત્યારે એવા ગુનામાં તેણે દુષ્પ્રેરણ કર્યુ હોય એ રીતે શિક્ષા કરવામાં આવશે.

(૨) જે કોઈ વ્યક્તિ ઉપર જણાવ્યા મુજબ શિક્ષાપાત્ર ગુનો કરવા માટે ગુનાહિત કાવતરાં સિવાયના બીજા ગુનાહિત કાવતરામાં સામેલ હોય, તેને છ મહિના સુધીની બેમાંથી કોઈ પ્રકારની અથવા દંડની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**(૧૦)** ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવે તો, આ કામે આંક–૭ વાળા પંચનામાના પંચ સાહેદોને તપાસેલ છે જેમાં આંક–૬ થી પંચ સાહેદ કરમશીભાઈ જીણાભાઈ પરમારને તપાસેલ છે જેઓએ પંચનામાને સમર્થનકારી પુરાવો આપેલ ન હોઈ ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે. જ્યારે આંક–૯ થી પંચ સાહેદ પરસોત્તમભાઈ મોહનભાઈ ચોટલીયાને તપાસેલ છે. જેઓએ ઉલટતપાસમાં એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે સ્થળ ઉપર માત્ર જોયેલુ અને પંચનામું લખાણ ગામમાં આવી પંચાયત ઓફીસમાં આવીને કરેલ અને તેઓએ સહી પંચાયત ઓફીસમાં આવીને કરેલી. આમ ઉપરોકત પંચ સાહેદો જુબાની જોતાં પંચનામું શંકાસ્પદ જણાઈ આવે છે. જેથી સદર પંચનામું પુરવાર માની શકાય નહી.

આ કામે આંક–૨૧ થી સાહેદ વિનોદભાઈ સવજીભાઈ પરમારને તથા આંક–૨૨ થી કાળુભાઈ રૂડજીભાઈ રાઘવાણીને તપાસેલ છે. જેઓએ તેઓનો પોલીસે કોઈ જવાબ લીધેલો ન હોવાનું જણાવેલ છે. સદર સાહેદો દ્વારા ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય ફરી ગયેલ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં પણ ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી.

આ કામે આંક–૮૧ થી ફરીયાદી પરમાનંદ ચુનીલાલ ગોકળગાંધીને તપાસેલ છે. જેઓની જુબાની જોવામાં આવે તો હાલના આરોપી બાબતે તેઓએ કોઈ હકિકત જણાવેલ નથી કે તેઓની નામ. કોર્ટ રૂબરૂની ફરીયાદમાં પણ હાલના આરોપીનું કોઈ નામઠામ જણાવેલ નથી. તેઓએ ઉલટતપાસમાં જણાવેલ છે કે તેઓના પિતાજીની જગ્યાએ જે વ્યક્તિએ દસ્તાવેજ કરી આપેલ તે વ્યક્તિ નટવરલાલ ચુનીલાલ સોની હતા તેવુ તેઓને પાછળથી જાણવા મળેલ. એ હકિકતનો પણ સ્વિકાર કરેલ છે કે તેઓએ જે હકિકત જાણી અને તપાસ મુજબ આ નટવરલાલ ચુનીલાલ સોનીએ તેઓના પિતાજીની જગ્યાએ ઉભા રહીને દસ્તાવેજ કરી આપેલો. સદર સાહેદ દ્વારા હાલના આરોપીનું નામઠામ જણાવેલ નથી કે આરોપીની ગુનામાં સંડોવણી દર્શાવતી કોઈ હકિકત જણાવેલ નથી. તેઓ દ્વારા તેઓની જુબાની દરમ્યાન રજુ કરેલ આંક–૮૨ થી ૯૬ વાળા દસ્તાવેજી પુરાવામાં પણ હાલના આરોપીનું નામઠામ ક્યાંય જણાઈ આવતુ નથી કે હાલના આરોપીની સંડોવણી દર્શાવતી કોઈ હકિકત જણાઈ આવતી નથી.

આ કામે આંક–૧૦૦ થી તપાસેલ સાહેદ શૈલેષભાઈ કાંતીલાલ ગોકળગાંધીને તથા આંક–૧૦૩ થી સાહેદ કાજલબેન મહેનદ્રભાઈ વોરાને તથા આંક–૧૦૬ થી સાહેદ રાધીકાબેન અરવિંદભાઈ રાઠોડને તથા આંક–૧૧૨ થી સાહેદ હીતેન્દ્રભાઈ નટવરલાલ જાનીને તથા આંક–૧૧૬ થી સાહેદ જગદીશભાઈ ચુનિલાલ સોનીને તથા આંક–૧૧૭ થી અરવિંદભાઈ ચુનિલાલ

નાંધાને તથા આંક–૧૧૮ થી મનોજભાઇ ચુનિલાલ સોનીને તપાસેલ છે. સદર કોઈપણ સાહેદ દ્ધારા હાલના આરોપીનું નામઠામ જણાવેલ નથી કે આરોપીની ગુનામાં સંડોવણી દર્શાવતી કોઇ હકિકત જણાવેલ નથી.

આ કામે આંક–૧૩૨ થી ત.ક.અ. હસમુખભાઇ બાબુભાઇ ગામેતીને તથા આંક–૧૩૩ થી ત.ક.અ. લક્ષ્મણભાઈ દેવશીભાઈ ઓડેદરાને તપાસેલ છે. તેઓ દ્ધારા હાલના આરોપીની ગુનામાં સંડોવણી દર્શાવતી કોઇ હકિકત જણાવેલ નથી. હાલના આરોપી સામે કયા પુરાવા હતા જે તેઓને સદર ગુના સાથે જોડી શકે કે તેઓની સંડોવણી દર્શાવી શકે તે બાબતે કોઇ હકિકત જણાવેલ નથી.

આમ, ફરીયાદપક્ષ દ્ધારા રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો કોઇપણ દસ્તાવેજી પુરાવામાં હાલના આરોપીનું નામ જણાઇ આવેલ નથી. કોઇપણ સાહેદ દ્ધારા પોતાના પુરાવામાં હાલના આરોપી બાબતે કોઇ હકિકત જણાવેલ નથી. તપાસ કરનાર અધિકારીઓ સિવાય કોઇપણ સાહેદે હાલના આરોપીને ઓળખતા હોવાનું જણાવેલ નથી. આરોપીને સદર ગુના સાથે સાંકળી શકે તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવેલ નથી. ફરીયાદપક્ષ દ્ધારા પોતાનો કેસ શંકા રહીત પુરવાર કરવાનો રહે છે. આ કામે ફરીયાદપક્ષ આરોપી સામે પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવામાં સદંત્તર નિષ્ફળ નિવડેલ હોય આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આમ, રેકર્ડ પર આવેલ પુરાવા પરથી આરોપી સામેના તહોમતનામા મુજબના ગુનાના આવશ્યક તત્વો પુરવાર થયેલ નથી. ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી મુજબનો સજા અને દંડને પાત્ર ગુન્હો કર્યાની હકિકતને સાબિત કરવામાં સફળ થયેલ ન હોય, મુદ્ધા નંબર–૧નો ઉત્તર નકારમાં ઠરાવી મુદ્ધા નંબર–૨ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**ફોજદારી કેસ નંબર–૫/૨૦૧૪**

**–:: આખરી હુકમ ::–**

**૧.** આ કામના આરોપી લલીતકુમાર ગંગાશંકર આશા રહે. જામનગર, વુલન મીલ પાછળ, મહાદેવનગર, તા.જિ.જામનગરવાળાઓને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ ઠરાવ સામે અપીલ/રીવીઝન થાય તો તે સમયે આરોપીઓની હાજરી સહેલાઈથી મળી રહે તે સારુ આરોપીઓએ રૂ.૫૦૦૦/–ના જાત જામીન તથા મુચરકા રજુ કરવા તે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

આ હુકમ આજ તારીખ ૧૧મી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળઃ જોડીયા

તારીખ: ૧૧/૦૫/૨૦૨૬.

**(કુ.એમ.એચ.મકવાણા)**
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
જોડીયા, જિ.જામનગર
GJ01523

બી.કે.બળદા, ગુજ.સ્ટેનો.ગ્રેડ–૩